દાદા ભગવાન પરિવારનું

મે ૨૦૨૦

પ્રતિ પ્રત ભાવ : ₹ ૨૦/-

# અક્રમ એક્સપ્રેસ



# રજા...એ...મજા...

### *સંપાદકીય*

બાળમિત્રો,

મને ખબર છે તમે બધા આ વેકેશન સ્પેશિયલ અંકની આતુરતાપૂર્વક રાહ જોતા હશો. તમને મજા પડે એવી સરસ મજાની નાની નાની વાર્તાઓ સાથે આમાં બીજું એવું પણ છે જે વાંચવાની તમને વધારે મજા આવશે. તમે ખરેખર ફ્રેશ થઈ જશો.

હા, વેકેશન હોય તો મજા જ કરવાની હોય ને ! પછી એ ખાવામાં હોય, ફરવામાં હોય કે વાંચવામાં હોય.

તો સ્ટાર્ટ કરીએ !

- ડીમ્પલભાઈ મહેતા




Editor : Dimple Mehta

Printer & Published by

Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Owned by
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Printed at
Amba Offset
B-99, GIDC, Sector-25,
Gandhinagar - 382025.

Published at
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist-Gandhinagar.



© 2020, Dada Bhagwan Foundation
All Rights Reserved



વર્ષ : ૧૨, અંક : ૯
સળંગ અંક : ૧૪૧
મે ૨૦૨૦



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



અક્રમ એક્સપ્રેસ

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૨૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૨ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૮૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૫૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# સ્વાર્થ કે પરમાર્થ

વિનોબા ભાવેની મા બહુ સેવાભાવી હતા. આજુબાજુમાં કોઈ સાજું-માંદુ હોય તો એમની સેવા કરવા ઝટ પહોંચી જતા. કોઈને અડચણ હોય તો એમને ત્યાં જઈને રસોઈ પણ બનાવી દેતા. જ્યારે જ્યારે એમને આવી સેવા કરવાનો મોકો મળતો ત્યારે તેઓ વહેલા ઉઠી, પોતાના ઘરનું કામકાજ અને રસોઈ પતાવી પછી બીજાના ઘરે જઈને રસોઈ કરી આપતા.

એક દિવસ વિનોબાએ માને હસતા હસતા કહ્યું, "મા, તું તો ભારે સ્વાર્થી છે. પહેલા તું ઘરની રસોઈ કરે છે અને પછી પાડોશીની."

મા એ હસતા હસતા જવાબ આપ્યો, "વિન્યા, તું ભારે મૂરખ છે. આટલુંય નથી સમજતો ! જો હું એના ઘરની રસોઈ પહેલા બનાવું તો જમવા સમયે ઠરી જાય. એમને ઠંડી રસોઈ ન ખાવી પડે, તે માટે પહેલાં હું આપણા ઘરની રસોઈ બનાવીને પછી એમને ત્યાં જાઉં છું. જેથી એમને ગરમ ગરમ ખાવા મળે ને."

વિનોબા શું બોલે..! સ્વાર્થને બદલે આ તો પરમાર્થ હતો. આમ ખરી સેવા ભાવનાના સંસ્કારની ઊંડી છાપ એમના ચિત્ત પર પડી ગઈ.



# જ્ઞાની સાથે ગમ્મત વીથ જ્ઞાન







**પ્રશ્નકર્તા :** પૂજ્યશ્રી, તમારું શુટિંગ ચાલતું હોય ત્યારે તમને કેવું લાગે ? મારું એકવાર શુટિંગ થયું હતું તો મારા પગ કાંપવા લાગ્યા અને પસીનો છૂટવા લાગ્યો હતો.

**પૂજ્યશ્રી :** શુટિંગ થાય છે એવું ધ્યાન રાખતો જ નથી. આપણે ફક્ત વાત કરતા હોય એવું લાગે મને. સારું ને !

**પ્રશ્નકર્તા :** તમે કોઈ દિવસ ચાલતી ટ્રેનમાં ચડ્યા છો ?

**પૂજ્યશ્રી :** હા, ચડ્યો છું ને...દાદાની ટ્રેનમાં.



**પ્રશ્નકર્તા :** દીપકભાઈ તમે ક્યારેય અમિતાભબચ્ચનની નકલ કરી છે ?

**પૂજ્યશ્રી :** ના, દાદા સિવાય કોઈનીય નકલ કરી નથી.

**પ્રશ્નકર્તા :** કેમ નથી કરી ?

**પૂજ્યશ્રી :** એનું કારણ છે કે મેં જીવનમાં દાદા સિવાય કોઈને જોયા જ નથી.

**પ્રશ્નકર્તા :** કેમ ?

**પૂજ્યશ્રી :** જોવા જેવું છે શું ખોખામાં ? મહીં ભગવાનને જોવાના.

**પ્રશ્નકર્તા :** પણ તમને જોવાનું કહે તો ?

**પૂજ્યશ્રી :** શુદ્ધાત્મા જોઈ લઉં.





**પ્રશ્નકર્તા :** નીરુમા, મારે તમારા જેવા બનવું છે. મારા મમ્મી મને ખીજાય છે અને મારે પણ છે. તો તેને ના પાડો ને !

**નીરુમા :** લે, એક બાજુ તારે નીરુમા જેવા થવું છે. બીજી બાજુ મમ્મી મારે છે તો ના પાડવી છે ?!

**પ્રશ્નકર્તા :** એનું શું કરવું ?

**નીરુમા :** કશું નહીં. મમ્મી, મારવા આવે ત્યારે મોટેથી જય સચ્ચિદાનંદ કહેવાનું. પણ એમને એમ થોડી મારતી હશે, તું કંઈક ભૂલ તો કરતી હશે ને ? મમ્મીને પૂછને કે મમ્મી તું મને શું કામ મારે છે ? તું ના મારીશ મને. તું કહે એમ હું કરીશ પણ તું મને મારીશ નહીં. મમ્મી કહે એ કરી નાંખવાનું એટલે એ નહીં મારે.

# મહાદેવ ગોવિંદ રાનડે

એક નાનકડો છોકરો હતો. એક દહાડો એને એની સાથે રમનાર કોઈ ના મળ્યું. એકલો બેઠો બેઠો કંટાળ્યો એટલે પોતાના ફોઈબા પાસે પહોંચ્યો અને કહ્યું, "ફોઈબા, ચોપાટ આપો ને !"

ફોઈબાએ પૂછ્યું, "ચોપાટ કોની સાથે રમીશ ?"

છોકરાએ કહ્યું, "એ તો ગોતી કાઢીશ."

ફોઈબાએ ચોપાટ આપી. છોકરો ઘરના એક થાંભલા સામે બેઠો. બંનેની વચ્ચે ચોપાટ પાથરીને એણે રમત શરૂ કરી.


થાંબલાને કહ્યું, "દોસ્ત, તારા દાણા હું નાખીશ અને તારી ચાલ હું ચાલીશ. ડાબે હાથે મારા દાણા નાંખીશ અને જમણે હાથે તારા દાણા પાડીશ."

બસ, આટલું નક્કી કરીને એણે રમવા માંડ્યું. પહેલા થાંબલાનો દાવ લીધો. એ માટે જમણે હાથે દાણા નાખ્યા. જેટલા દાણા પડ્યા એ પ્રમાણે થાંભલાની કુકરી ચલાવી. પછી ડાબે હાથે પોતાના દાણા નાખ્યાં. આમ રમત ચાલતી હતી. ઘણી વારે રમત પૂરી થઈ, ત્યારે થાંભલો જીતી ગયો હતો !

છેટે બેઠેલા ફોઈબા રમત જોઈને હસવા લાગ્યા, "કેમ રે મહાદેવ ? એક થાંબલાથી હારી ગયો ?"

છોકરાએ કહ્યું, "શું કરું ફોઈબા, ડાબે હાથે દાણા પાડવાની ટેવ નથી ને, એટલે મારા દાણા ઓછા પડતા હતા. થાંબલાનો જમણો હાથ હતો એટલે એ જીતી ગયો."

ફોઈએ કહ્યું, "તો પછી તેં પોતાને માટે જમણો હાથ કેમ ના રાખ્યો ? તો તું જીતી જાત ને !" એક જડ થાંભલાથી તો હારવું ના પડત !"



છોકરાએ અદબ વાળીને ગૌરવથી કહ્યું, "હારી ગયો તો શું ? મને કોઈ બેઈમાન તો નહીં કહે ને ! મારે માટે જમણો હાથ રાખું અને બિચારા અબોલ થાંબલાને ડાબો હાથ આપું તો એ તો બેઈમાની ગણાય, અન્યાય ગણાય."

ફોઈબાને બાળકનો આ જવાબ બહુ સમજાયો નહીં, પણ એટલું જરૂર લાગ્યું કે ભત્રીજો અસાધારણ પ્રતિભા ધરાવે છે !

એક થાંબલા સાથેની રમતમાં પણ બેઈમાની ન કરનાર આ છોકરો આગળ જતા ખૂબ મોટો ન્યાયાધીશ અને સમાજ સુધારક બન્યો. એમનું નામ હતું મહાદેવ ગોવિંદ રાનડે.

એકવાર એમને કોઈ કામે કલકત્તા જઈને રહેવાનું થયું. લાંબો સમય રહેવાનું હતું, એટલે રાનડેને લાગ્યું કે જ્યાં રહેતા હોઈએ ત્યાંની ભાષા શીખી લેવી જોઈએ. એટલે તેઓ બંગાળી ભાષા શીખવા લાગ્યા. એમને બંગાળી શીખવનાર કોઈ ખાસ શિક્ષક નહોતા. તેઓ જાતે જ કેટલીક પ્રાથમિક ચોપડીઓ મેળવીને વાંચતા અને બંગાળી શીખતા.

એકવાર એવું બન્યું કે એક પુસ્તકમાં કેટલાક શબ્દો એમને સમજાયા નહીં. એ કોને પૂછવા એનો પોતે વિચાર કરતા હતા. એટલામાં એમની હજામત કરનારો હજામ આવી ચડ્યો. રાનડેએ હજામત શરૂ કરાવતા પહેલા કહ્યું, "ભાઈ, મને તમારી ભાષાના કેટલાક શબ્દો સમજાતા નથી, એ સમજાવશો ? ચોપડી લઈ આવું ?"

હજામે 'હા' પાડી એટલે રાનડે પોતાના ઓરડામાંથી એક ચોપડી લઈ આવ્યા. પછી તો હજામત કરાવતા જાય અને સવાલો પૂછતા જાય.

આખરે, હજામ પોતાનું કામ પતાવીને ગયો એટલે રસોડામાંથી રાનડેના પત્ની બહાર આવ્યા અને રાનડેની હાંસી ઉડાવતા બોલ્યા, "વાહ રે મોટા વિદ્વાન ન્યાયમૂર્તિજી, એક હજામ પાસે વિદ્યા ભણવા બેઠાં !"

જરાય હસ્યા વગર રાનડે બોલ્યા, "તમને ગુરુ દત્તાત્રયની કથા યાદ છે ? એમણે એક હજાર ગુરુ કર્યા હતા. એમાં કૂતરાનો પણ સમાવેશ થયો હતો. કારણકે કૂતરા પાસેથી પણ વફાદારીનો ગુણ ગ્રહણ કરવામાં એમને કશી નાનપ લાગતી નહોતી, તો હું હજામ પાસેથી શીખવામાં કેમ નાનપ અનુભવું ?"

આ સાંભળી રાનડેના પત્ની ચૂપ થઈ ગયા.



# મીઠી યાદેં 1



હું નાની હતી ત્યારે બહુ બોલકી અને તોફાની હતી. તેથી નીરુમાએ મારું નામ આફતપુત્રી પાડ્યું હતું. હું નાની હતી ત્યારથી નીરુમા મને કહેતા કે તારે અંબા હેલ્થ સેન્ટરમાં સેવા આપવાની છે. પૂજ્યશ્રી પણ મને એવું જ કહેતા કે ડોક્ટર બનીને જે કરે પણ અંબા હેલ્થ સેન્ટરમાં તો સેવા આપવાની જ. ત્યારથી મારા અહીં આવવાના બીજ રોપાઈ ગયા હતા. મારું સપનુ થઈ ગયું હતું કે હું મોટી થઈને આપ્તપુત્રી બનીશ અને અંબા હેલ્થ સેન્ટમાં સેવા આપીશ.

એક વાર દિવાળીમાં મારા ત્રણસો રુપિયા ભેગા થયા હતા. એ બધા રુપિયાની મેં સો-સો રુપિયાની ત્રણ નોટ લીધી અને નીરુમાને આપવા ગઈ.

નીરુમાને પગે લાગી અને પૈસા આપતા કહ્યું, "નીરુમા, આ મારા ભેગા કરેલા પૈસા છે. હું તમને આપું છું."

નીરુમાએ પૈસા જોઈને પૂછ્યું, "એમ ! તારા પૈસા છે ? ક્યાંથી લાવી ? ક્યાં કમાવા ગઈ હતી?"

મેં કહ્યું, "નીરુમા, દીવાળીમાં બધાને પગે લાગીને મેં આ પૈસા ભેગા કર્યા છે."


નીરુમા આ સાંભળીને એકદમ હસી પડ્યા. અને પ્રેમથી એમણે એ રૂપિયા લઈ લીધા. મને એ બહુ ગમ્યું. નીરુમા કોઈ વાતની ના ન કહેતા. બધામાં હા જ પાડે કે હા, કરજે. એ મને બહુ ગમતું. હું બહુ ધમાલ કરતી તો પણ નીરુમા મને બહુ પ્રેમથી રાખતા હતા.

# ચાલો રમીએ...




૧ આડી- ઊભી હરોળમાંથી કોઈપણ છ સિક્કા એવી રીતે કાઢી લો કે દરેક હરોળમાં બેકી સંખ્યામાં સિક્કા રહે.







૨ પીકુંનું ગાજર ખોવાઈ ગયું છે, તમે પીકુંને ગાજર શોધવામાં મદદ કરો.






40
Stay Home
Stay Safe
39 કામ વગર ઘરની બહાર નીકળ્યા.
38
37
ઘરમાં કંટાળી ગયા ( ૨ દાવ ન રમવા)
36
21 સોશિયલ ડિસ્ટનસ ન રાખ્યું.
22
23
24
વડીલોની સેવા કરી.
25 ભાઈ-બહેન સાથે ઝગડો કર્યો (૫ પગલાં પાછળ)
20
19 સાબુથી હાથ ન ધોયા.
18
17
16
1
Start
2
3
4
5 ઘરમાં ડ્રોઇંગ કે ક્રાફ્ટ કરવું.


THE CORONA FIGHTERS




**નિયમોઃ**

આ ગેમ છે સાપ સીડી જેવી જ પણ ભરપૂર છે જ્ઞાન અને ગમ્મતથી.

૧. આ ગેમમાં એક સાથે વધુમાં વધુ ૪ વ્યક્તિઓ રમી શકશે. પાસામાં જ્યારે ૬ આવે ત્યારથી દરેક પોતાની રમત શરૂ કરી શકશે. એકવાર રમત શરૂ થયા બાદ જ્યારે જ્યારે પાસામાં ૬ નંબર પડે ત્યારે રમનારને બીજો દાવ મળશે.

૨. Covid 19 લખેલા વાક્યોના કારણે તમે નીચે ઉતરો છો.

૩. Ladders પર લખેલા વાક્યોના કારણે તમે ઉપર ચઢો છો.

આ બન્ને પેઇજને કાપી કોઇ પૂંઠા પર ચોંટાડી તમારા Family સાથે રમો.



# તમારે હેરાન જ કરવો છે ને...

એક વખત એક શાળાના વિદ્યાર્થીઓ તળાવ કાંઠે ફરવા ગયા. ત્યાં એમણે જોયું કે તળાવમાં એક ગરીબ વ્યક્તિ એના વસ્ત્રો, ચંપલ ઉતારી સ્નાન કરતો હતો. આ જોઈ બાળકોના મગજમાં તોફાન કરવાનો વિચાર જનમ્યો.

એક વિદ્યાર્થીએ કહ્યું, આપણે આના કપડા સંતાડી દેવા છે ? એ કપડાં નહીં જુએ ત્યારે હેરાન થઈ જશે. એ જોવાની બહુ મજા આવશે.

બધા વિદ્યાર્થીઓ એની વાતથી સહમત થઈ ગયા.

આ વાત એમના ગુરુ સાંભળી ગયા.

એમણે કહ્યું, 'તમારે આ માણસને હેરાન જ કરવો છે ને ? તો હું કહું એમ કરો. એના કપડામાં છાનામાના આ ૧૦૦ રૂપિયા મૂકી આવો.'

વિદ્યાર્થીઓને નવાઈ લાગી. એનાથી એ માણસ કેવી રીતે હેરાન થશે ! છતાં ગુરુએ કહ્યું એમ એમણે કર્યું.


થોડીવારમાં એ માણસ સ્નાન કરીને બહાર આવ્યો. વસ્ત્રો પહેરવા જતા એની નજર ૧૦૦ રૂપિયા પર પડી. એ જોઈ એ બેબાકળો બની ગયો. આજુબાજુ જોવા લાગ્યો. કોઈ ન દેખાતા એ થોડે સુધી ચાલીને જોઈ આવ્યો પણ એને ક્યાંય કોઈ દેખાયું નહીં.

એની આંખો ભીની થઈ ગઈ. ગદગદ થઈ એણે આકાશ સામે જોયું. બે હાથ જોડી બોલ્યો, 'હે ભગવાન, તારી દયા પણ અપરંપાર છે, આ ૧૦૦ રૂપિયાથી આજે મારા પરિવારને જમવાનું મળશે અને મારી પત્નીને દવા મળશે. જેણે આ પૈસા મૂક્યા હોય એનો ખૂબ ખૂબ આભાર.'

બધા વિદ્યાર્થીઓ આ સાંભળી લાગણીશીલ થઈ ગયા.

એમણે જીવનનો એક મહત્વનો પાઠ શીખ્યો કે....

બીજાને તકલીફ આપી હેરાન કરવા અને એમાં આપણે ખુશ થવું એના કરતા બીજાને ખુશી આપી હેરાન કરવામાં પણ આપણને આનંદ મળે છે..



# આખરી પરીક્ષા

બુદ્ધકાળમાં આશ્રમમાં ત્રણ શિષ્યો હતા - નંદ, સુનંદ અને સમ્યક્ નામના. બાર વર્ષ પછી તેમનું શિક્ષણ પૂરું થયું. અંતિમ સમારોહ થયો.

શિષ્યોએ કહ્યું, ''બાબા ! આપને લાગે કે અમારી શિક્ષા પૂર્ણ થઈ છે ? તો અમે સંસારમાં પાછા ફરીએ.''

ગુરુએ કહ્યું, ''હા બેટાઓ, જાવ. હું તમારી પ્રગતિથી બહુ ખુશ છું.''

રાત્રે બધાએ સામાન બાંધી લીધો. ગુરુથી વિયોગ થવાનો હતો. ગુરુએ ત્રણેના જવાના માર્ગ પર કાંટા પાથરી દીધા. એક પગ રાખવાની પણ જગ્યા ન રાખી.


નંદે ચાલવાની શરૂઆત કરી. તેણે આખા રસ્તા પર કાંટા જોયા. પણ તે જેમ તેમ કરીને ચાલ્યો ગયો. બીજો સુનંદ તેને કૂદી ગયો. ત્રીજો જે સમ્યક્ હતો. કાંટા જોઈ એને થયું, હું તો કૂદી જઈશ, પણ બીજા આવનારાઓને આ કાંટા વાગશે. આમ વિચારી એણે કાંટા ઉપાડીને રસ્તો સાફ કરવાનું નક્કી કર્યું. પોતાનો સામાન બાજુ પર મૂકી એ રસ્તા પરથી કાંટા ઉપાડવા લાગ્યો.

ગુરુ આ બધું જોતા હતા. એમણે તરત નંદ અને સુનંદને પાછા બોલાવ્યા અને કહ્યું, ''તમને ઘરે જવામાં હજી એક વર્ષ લાગશે.''

''આ મારી આખરી પરીક્ષા હતી. સારું લાગ્યું કે તું સાવધાનીથી ગયો અને સુનંદ કૂદીને ગયો. પણ જો,સમ્યક્ શું કરે છે ? તેને ઘરે જવાની જરા પણ ઉતાવળ નથી. તે બીજાઓ માટે રસ્તો સાફ કરે છે.''

નંદ અને સુનંદની આંખોમાં પાણી આવી ગયા. ''બાબા ! અમે ચૂકી ગયા.''

ગુરુ સમ્યક્‌ને ગળે લગાવે છે અને કહે છે, ''અમારી ત્રણેની તને શુભેચ્છા છે. સેવા એ જ ધર્મ છે જે કોઈના માર્ગમાં બાધા ન બને. કોઈથી સંઘર્ષ ન કરે. કોઈને જખમી ન કરે.''



# Popsicles

**જરૂરી વસ્તુઓ**

- ૧ નંગ કેરીનો પલ્પ
- અડધું નંગ કેળું
- અડધું સફરજન
- ૧ નંગ કીવી
- ૫ થી ૬ નંગ સ્ટ્રોબેરી
- ૧ વાટકી દ્રાક્ષ
- ૨ ચમચી ખાંડ
- પેપર કપ
- આઈસ્ક્રીમ સ્ટીક





**બનાવવાની રીત :**

૧. કેરીના પલ્પમાં ખાંડ અને અડધો કપ પાણી ઉમેરી મેંગો જ્યુસ બનાવવું.
૨. બધા જ ફ્રુટના નાના ટુકડા કરી મેંગો જ્યુસમાં ઉમેરવા.
૩. ફ્રુટવાળું મેંગો જ્યુસ પેપર કપમાં ભરીને ૧ કલાક માટે ડીપ ફ્રીઝમાં સેટ થવા મુકવા.
૪. ૧ કલાક પછી બધા જ કપમાં આઈસ્ક્રીમ સ્ટીક મુકવી.
૫. ફરીથી પાંચ કલાક માટે ડીપ ફ્રીઝમાં સેટ થવા મુકવા.
૬. પોપ્સીકલ જામી ગયા બાદ પેપર કપને કટ કરી બહાર કાઢી Enjoy કરો ગરમીમાં ઠંડી ઠંડી Popsicles







નોંધ: Friends તમને સીઝન મુજબ જે ફ્રૂટ મળે તેનો ઉપયોગ કરીને Popsicles બનાવી શકો છો.







# ઉડાન


એક રાજાને વિવિધ પ્રકારના પક્ષીઓ પાળવાનો શોખ હતો.
એક વખત રાજા કોઈ બીજા રાજ્યની મુલાકાતે ગયા.
અરે વાહ ! આ બે બાજ પક્ષીઓ તો કેવા સુંદર છે.
આ પક્ષીઓને આપણે આપણા રાજ્યમાં લઈ જઈશું. બંનેને તાલીમ આપીને બીજા બધા જ પક્ષીઓ કરતા વધુ કુશળ બનાવીશું.
પક્ષીઓને તાલીમ આપવા માટે રાજાએ એક ખાસ માણસ રાખ્યો.
દિવસો પસાર થવા લાગ્યા.
આ પક્ષી તો કેવું સરસ રીતે આકાશમાં ઊડે છે. કેવી મજાની જાતજાતની કરામત પણ કરે છે.
અને આ બીજુ પક્ષી તો ઝાડની ડાળી છોડતું જ નથી.


તાલીમ આપનારાએ રાજા પાસે આવીને બધી વાત કરી.
રાજાજીએ રાજ્યમાં ઢંઢેરો પીટાવ્યો.
જે કોઈ વ્યક્તિ બાજ પક્ષીને ઊડતું કરી દેશે તેને ૧૦૦ સોનામહોરનું ઈનામ આપવામાં આવશે.
ઘણાં નિષ્ણાંતો આવ્યા. જાતજાતની તરકીબો અજમાવી પણ પક્ષી ઊડવાનું નામ જ ન લે.
એક દિવસ,
રાજાજી, આ પક્ષીને ઊડતુ કરવાની જવાબદારી મારી.
ભાઈ, આ ક્ષેત્રના મોટા મોટા નિષ્ણાંતો પણ આ કામ કરી શક્યા નથી. તું તારો અને મારો બંનેનો સમય બગાડે છે.




મિત્રો, આપણે પણ એ પક્ષીની જેમ કમ્ફર્ટ ઝોનમાં રહેવા ટેવાયેલા હોવાને કારણે ઊડી નથી શકતા. ચાલો, ડાળ-રૂપી એ કમ્ફર્ટ ઝોન છોડી કંઈક નવું ટ્રાય કરીએ અને સફળતાના આકાશમાં મસ્તીથી ઊડીએ.

## TEA TIME Winner


1



નામ - સોંલકી કાવ્ય કે.
ઉંમર - ૮ વર્ષ
સેન્ટર - આંણદ

2

નામ - સ્વામી વિધિ બકુલકુમાર
ઉંમર - ૧૨ વર્ષ
સેન્ટર - ગાંધીનગર



3



નામ - પૂર્ણતા દિગિશભાઈ કટકીયા
ઉંમર - ૧૨ વર્ષ
સેન્ટર - અડાલજ

# મીઠી યાદેં 2

નીરુમા વિશે શું કહું ?! જ્યારે જ્યારે મુશ્કેલીઓ આવી પડતી ત્યારે નીરુમા પાસે દોડી જતી. દિલ ખોલીને હસવું હોય કે રડવું હોય, નીરુમા હંમેશા હાજર જ હતા. નીરુમા એટલે પ્રેમનું પ્રતિક. એક મા. મેં નીરુમાનો ફક્ત પ્રેમ જ જોયો છે.

નીરુમા સાથે બનેલો એક પ્રસંગ હું ક્યારેય નહીં ભૂલું. હું લગભગ પાંચ છ વર્ષની હતી. તે દિવસે મારા ડેડી સત્સંગમાં જવા માટે કપડાં ઈસ્ત્રી કરી રહ્યા હતા. ડેડીને નહોતી ખબર કે હું એમની પાછળ જ ઊભી હતી. જેવી ઈસ્ત્રી પ્લગમાંથી બહાર કાઢી ડેડી પાછળ ફર્યા કે મારા માથા પર ગરમ ઈસ્ત્રી અડી ગઈ અને મને સહેજ દઝાઈ ગયું.

મને તરત જ રડવું આવી ગયું. મને રડતા સાંભળીને નીરુમા મારી પાસે આવ્યા. મેં નીરુમાને આખી વાત કહી. નીરુમા એક ખુરશી લઈ આવ્યા અને મને પ્રેમથી એ ખુરશી પર બેસાડી. મને આજે પણ એમનો એ પ્રેમ યાદ છે. વહાલથી એમણે મારા આંસુ લૂછ્યા. પછી સિંક પાસે બેસાડી ઠંડા પાણીથી તેમણે મારો ચહેરો સાફ કર્યો. હું થોડી શાંત પડી એટલે નીરુમા ફ્રીજમાંથી ઠંડું દહીં લઈ આવ્યા અને મારા ઘા પર ચોપડ્યું. એક મા પોતાના બાળકની કાળજી કરે, તેમ નીરુમાએ મારી કરી. તે દિવસે ઘરમાં મમ્મી-ડેડી હાજર હતા. પણ નીરુમાએ કોઈને કશું કરવાનું ના કહ્યું. મારા માટે બધું જાતે જ કર્યું.

નીરુમાનો આવો અદ્ભૂત પ્રેમ કેવી રીતે ભૂલાય ?!





# Covid-19 ના લોકડાઉન દરમ્યાન દરેક સેન્ટરના બાળકોએ કરેલી વિવિધ પ્રવૃત્તિની (ડ્રોઈંગ કોમ્પીટીશન અને સ્ટોરી રાઈટીંગ) ઝલક





Akram Express

May 2020
Year : 12, Issue : 9
Conti. Issue No.: 141

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. G-GNR-345/2018-2020
valid up to 31-12-2020
LPWP Licence No. PMG/HQ/040/2018-20
valid up to 31-12-2020
Posted at Adalaj Post Office
on 08th of every month



### અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના

૧.આપનું લવાજમ પૂરું ક્યારે થાય છે, તે કઈ રીતે જાણશો ? આપના આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના એડ્રેસ લેબલ પરના મેમ્બરશીપ નંબરના છેલ્લા છ અંક તપાસો. દા.ત. **AGIT**૫૫૫/૦૮-૨૦૨૮ એટલે તમારું લવાજમ ઓગષ્ટ - ૨૦૨૮માં પૂરું થાય છે.

અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨.જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **SMS** કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**, ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - ડિમ્પલ મહેતા દ્વારા
અંબા ઑફસેટ - **B-99 GIDC, Sector - 25** ગાંધીનગર - ૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.